સત્યમેવ જયતે

કેસ રજુ તા. ૧૩-૦૯-૨૨
દાખલ તા. ૧૩-૦૯-૨૨
ફેંસલ તા. ૨૫-૦૫-૨૬
અવધિઃ- <u>વર્ષ માસ દિવસ</u>

**બોટાદ જીલ્લા અદાલતના મે. એડી. સેશન્સ જજ તથા**
**સ્પે. પોક્સો જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. જી. બોટાદ.**

સ્પે. પોક્સો કેસ નં. ૪૪/૨૦૨૨
આંક-

**ફરીયાદીઃ-** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ-** ૧) અજીતભાઈ શામજીભાઈ વાઘરોડીયા,
ઉ.વ.આ. ૨૩, ધંધો - મજુરી,
રહે. નવા જસાપર, તા.સાયલા, જી.સુરેન્દ્રનગર.

૨) રવિભાઈ રમેશભાઈ સારલા,
ઉ.વ.આ. ૨૨, ધંધો - મજુરી,
રહે. રામપરા ગામ, તા.થાન, જી.સુરેન્દ્રનગર.

---

**ગુનોઃ-** ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૧(૬), ૧૨, ૧૭ મુજબનો ...

---

---

| | |
|---|---|
| ફરીયાદી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી | - કે.એમ.મકવાણા. |
| આરોપી નં.૧ તરફે વિદ્વાન વકીલશ્રી | - વાય.પી.પાઠક. |
| આરોપી નં.૨ તરફે વિદ્વાન વકીલશ્રી | - એ.એસ.મેટાલીયા. |

---

**-: ચુકાદો :-**

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરિયાદીની સગીર વયની દીકરી/ભોગબનનાર જન્મ તારીખ ૧૭/૧૦/૨૦૦૪ (ઉમર ૧૭ વર્ષ, ૦૯ માસ)ને આરોપી નં. ૧ નાઓએ

તા.૨૪/૦૭/૨૦૨૨ ના રોજ બપોરના ક.૨૧.૩૦ વાગ્યા દરમિયાન લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી–ફોસલાવી, ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અણીયાળી કસ્બાતી ગામેથી પોતાના મોટરસાયકલમાં બેસાડી અપહરણ કરી લઈ જઈ, ભોગબનનારને થાન તાલુકાના રામપરા ગામે આરોપી નં. ૨ નાઓની વાડીએ લઈ જઈ, ભોગબનનાર સાથે અવારનવાર શરીરસંબંધ બાંધેલ. તેમજ આરોપી નં. ૨ એ આરોપી નં.૧ ને ભોગબનનાર સાથે પોતાની વાડીએ રહેવાની વ્યવસ્થા કરી આપેલ. આમ, બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુન્હો આચરેલ.

સદરહુ ગુના અંગેની ફરિયાદ હકીકત ફરિયાદીએ જાહેર કરતાં પોલીસ સ્ટેશનનાં જવાબદાર અધિકારીએ ફરિયાદીની ફરિયાદ નોંધી લઈ ક્રિ.પ્રો.કો.કલમ – ૧૫૭ મુજબનો રિપોર્ટ જાહેર કરી ગુ.રજી.નં. ફર્સ્ટ–૧૧૧૯૦૦૦૬૨૨૦૪૪૯/૨૦૨૨ થી ગુન્હો દાખલ કરાવી ગુન્હાની તપાસ હાથ ધરેલ.

**૨.)** આરોપીઓ વિરૂદ્ધ ઉપર મુજબનો ગુન્હો દાખલ થતાં તપાસ કરનાર અમલદારે પૂરતી તપાસ કરી, આરોપીઓની અટક કરી જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ.

**૩.)** તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા–વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધેલા તેમજ ક્રિ.પ્રો.કો. કલમ – ૧૬૪ મુજબ ભોગબનનારનું નિવેદન નોંધવા માટે કાર્યવાહી કરેલી, અને ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ પૂરતા પુરાવા જણાય આવતાં આરોપીઓ વિરૂદ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલું.

**૪.)** ઉપર મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતાં તેને સ્પેશ્યલ (પોક્સો) કેસ નં. ૪૪/૨૦૨૨ આપવામાં આવેલ. ત્યારબાદ સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ થતાં શ્રી સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિદ્વાન વકીલ શ્રીઓ હાજર થયેલા.

**૫.)** શ્રી સરકારપક્ષે આરોપીઓ વિરૂદ્ધનો કેસ પુરવાર કરવા માટે આંક – ૧૨ નાં લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા. ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ આંક – ૨૪ થી તહોમતનામુ ફરમાવી, સદરહુ તહોમતનામાં લગત આંક – ૧૫ તથા આંક –

૨૬ થી આરોપીઓનો જવાબ નોંધતાં આરોપીઓએ ચાર્જશીટ સાથેનાં તમામ પેપર્સની નકલ મળેલ હોવાનું જણાવેલ છે, તેમજ ગુન્હો કબૂલ નથી તેમ જણાવી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલો છે.

૬.) આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ અન્વયે ગુનો પુરવાર કરવા સારૂ નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નોંધાવેલો છે.

**–: મૌખિક પુરાવો :–**

| સાહેદ નંબર | આંક | સાહેદનુ નામ | સાહેદની કામગીરી |
|---|---|---|---|
| ૧. | ૩૪ | ફરિયાદી/ભોગબનનારના પિતા | ફરિયાદી |
| ૨. | ૩૮ | ભોગબનનાર | ભોગબનનાર |
| ૩. | ૪૧ | વિલાસબેન ભરતભાઈ વાઘરોડીયા | સાહેદ |
| ૪. | ૪૫ | ડૉ. કૌશિકભાઈ ધનસુખભાઈ જાદવ | મેડિકલ ઓફિસર |
| ૫. | ૫૩ | ડૉ. જીગીશભાઈ પીનાકીન પાઢ | મેડિકલ ઓફિસર |
| ૬. | ૬૧ | અનીલભાઈ કુલજીભાઈ ગોહિલ | સરકારી સાહેદ |
| ૭. | ૬૭ | રણછોડભાઈ ઉકાભાઈ રોજારા | પંચસાહેદ |
| ૮. | ૬૯ | રામજીભાઈ રણછોડભાઈ વડદરીયા | પંચસાહેદ |
| ૯. | ૭૨ | રસીકભાઈ નથુભાઈ ધરજીયા | પંચસાહેદ |
| ૧૦. | ૭૪ | જયેશભાઈ ભરતભાઈ દેસાણી | પંચસાહેદ |
| ૧૧. | ૭૭ | રૂપસંગભાઈ કાનજીભાઈ કુમરખણીયા | પંચસાહેદ |
| ૧૨. | ૭૮ | વિરમભાઈ ભીખાભાઈ બળોલીયા | પંચસાહેદ |
| ૧૩. | ૮૨ | અમીતભાઈ મનુભાઈ મકવાણા | પંચસાહેદ |
| ૧૪. | ૮૪ | રમેશભાઈ ઠાકરશીભાઈ મેળજીયા | પંચસાહેદ |
| ૧૫. | ૯૧ | યોગરાજસિંહ અનિરૂદ્ધસિંહ ઝાલા | ફરિયાદ લેનાર |
| ૧૬. | ૯૨ | અજીતસિંહ ખુમાનસંગભાઈ બારડ | પી.એસ.ઓ. |
| ૧૭. | ૯૬ | જીગર ભરતકુમાર પંડિત | ત.ક.અધિકારી |
| ૧૮. | ૧૦૪ | શૈરીન રમેશભાઈ ખરાડી | ત.ક.અધિકારી |

## –: દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૩૫ | ફરિયાદ |
| ૨. | ૩૯ | ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનું નિવેદન |
| ૩. | ૪૬ | આરોપી નં. ૧ ની મેડિકલ તપાસ કરવા સી.એચ.સી. રાણપુરને કરેલ યાદી |
| ૪. | ૪૭ | આરોપી નં. ૧ નુ મેડિકલ સર્ટીફિકેટ |
| ૫. | ૪૮ | આરોપી નં.૧ નો ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| ૬. | ૫૪ | ભોગબનનારની ગાયનેક સંબંધી મેડિકલ તપાસણી કરવા સર ટી. હોસ્પિટલને કરેલ યાદી |
| ૭. | ૫૫ | ભોગબનનારની રીફર સ્લીપ |
| ૮. | ૫૬ | ભોગબનનારનુ સર ટી. હોસ્પિટલ, ભાવનગરનુ મેડિકલ સર્ટીફિકેટ |
| ૯. | ૬૨ | ભોગબનનારની શાળાનુ બોનાફાઈડ સર્ટીફિકેટ |
| ૧૦. | ૬૩ | ભોગબનનારની શાળાના જનરલ રજીસ્ટરની નકલ |
| ૧૧. | ૬૪ | ભોગબનનારનુ સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ |
| ૧૨. | ૬૮ | ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૧૩. | ૭૩ | આરોપીની અટક કરી મુદ્દામાલ કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૧૪. | ૭૯ | ભોગબનનાર તથા આરોપીના મેડિકલ સેમ્પલો કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૧૫. | ૮૩ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૧૬. | ૯૩ | સ્ટેશન ડાયરીનો ઉતારો |
| ૧૭. | ૯૪ | સુચિપત્ર |
| ૧૮. | ૯૫ | ફેક્સ મેસેજ |
| ૧૯. | ૯૭ | આરોપીની અટક અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી |
| ૨૦. | ૯૮ | એરેસ્ટ મેમો |
| ૨૧. | ૯૯ | ભોગબનનારની મેડિકલ તપાસણી કરવા કરેલ યાદી |
| ૨૨. | ૧૦૦ | આરોપીના નામનો ઉમેરો કરવા પોક્સો કોર્ટને કરેલ યાદી |

| | | |
|---|---|---|
| ૨૩. | ૧૦૧ | ભોગબનનારનુ સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનુ નિવેદન લેવા નામદાર અદાલતને કરેલ યાદી |
| ૨૪. | ૧૦૨ | સરકારી પંચો ફાળવવા કરેલ યાદી |
| ૨૫. | ૧૦૫ | એરેસ્ટ મેમો |
| ૨૬. | ૧૦૬ | આરોપીની અટક અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી |
| ૨૭. | ૧૦૭ | સદરહુ ગુનાના કામે કબજે લીધેલ મુદ્ધામાલ એફ.એસ.એલ. તપાસણી માટે જુનાગઢ ખાતે મોકલેલ તે યાદી |
| ૨૮. | ૧૦૮ | મુદ્ધામાલ એફ.એસ.એલ. જુનાગઢને મળ્યા અંગેની પહોચ |
| ૨૯. | ૧૦૯ | ભોગબનનારના સારવાર સર્ટીફિકેટ મેળવવા કરેલ યાદી |
| ૩૦. | ૧૧૦ | ભોગબનનારના જન્મના દાખલાની ખરાઈ કરી પ્રમાણપત્ર મોકલી આપવા કરેલ યાદી |
| ૩૧. | ૧૧૧ | બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ |

**૭.)** ઉપરોક્ત વિગતે ફરીયાદપક્ષ તરફથી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયા અંગે આંક– ૧૧૨ ની ક્લોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેતાં તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ ન હોય તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે. તેમજ બચાવના કોઇ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ વિરૂદ્ધ ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. ફરિયાદને અનુરૂપ ખોટા પુરાવાઓ એકત્રિત કરી ખોટુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૮.)** ત્યારબાદ ફરીયાદપક્ષે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૪ હેઠળ વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા અને બચાવપક્ષે આરોપીઓ તરફે વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રીઓની દલીલો સાંભળી, જે ધ્યાને લીધી.

**૮.૧)** ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણાએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી, ભોગબનનાર તથા અન્ય સાહેદોની જુબાનીના

આધારે ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ શંકા રહિત પુરવાર કરેલ છે. તે સંજોગોમાં આરોપીઓને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા તથા દંડ કરવા વિનંતી છે.

૮.૨) જ્યારે બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી વાય.પી.પાઠક દ્વારા બચાવ રજુ કરેલ છે કે, આ કામે ફરિયાદી દ્વારા આઠ દિવસ મોડી ફરિયાદ દાખલ કરવામાં આવેલી છે અને મોડી ફરિયાદ આપવાનુ કોઈ કારણ જણાવેલ નથી. ભોગબનનારની જુબાની જોતા આરોપી નં. ૧ સાથે તેણીને પ્રેમ સંબંધ હોવાની હકીકત પુરવાર થાય છે તેમજ અન્ય સાહેદોની જુબાનીમાં પણ ઘણી વિસંગતતા જણાય આવે છે. તેનો લાભ આરોપીને મળવાપાત્ર હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

૮.૩) જ્યારે આરોપી નં. ૨ તરફે વિ.વ.શ્રી એ.એસ.મેટાલીયા એ દલીલમાં જણાવેલ છે કે, આ કામે આરોપી નં. ૨ વિરૂદ્ધ ફરિયાદપક્ષ કોઈ ગુનો સાબિત કરી શકેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

૯.) સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્ધાઓ :–**

**૧.)** શું ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, આ કામના ફરિયાદીની સગીર વયની દીકરી/ભોગબનનાર જન્મ તારીખ ૧૭/૧૦/૨૦૦૪ (ઉમર ૧૭ વર્ષ, ૦૯ માસ)ને આરોપી નં. ૧ નાઓએ તા.૨૪/૦૭/૨૦૨૨ ના રોજ બપોરના ક.૨૧.૩૦ વાગ્યા દરમિયાન લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી–ફોસલાવી, ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અણીયાળી કસ્બાતી ગામેથી પોતાના મોટરસાયકલમાં બેસાડી અપહરણ કરી લઈ જઈ, ભોગબનનારને થાન તાલુકાના રામપરા ગામે આરોપી નં. ૨ નાઓની વાડીએ લઈ જઈ, ભોગબનનાર સાથે અવારનવાર શરીરસંબંધ બાંધેલ. તેમજ આરોપી નં. ૨ એ આરોપી નં.૧ ને ભોગબનનાર સાથે પોતાની વાડીએ રહેવાની વ્યવસ્થા કરી આપેલ. આમ, બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬,

૧૧(ક), ૧૨, ૧૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૨.)** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દાઓના મારા **નિર્ણયો** નીચે મુજબ છે.

૧.) નકારમાં

૨.) આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા **કારણો** નીચે મુજબ છે.

**-: કારણો :-**

**૧૦.)** સદરહુ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધનો કેસ સાબિત કરવા માટે સૌપ્રથમ **ફરિયાદી/ભોગબનનારના પિતાને આંક - ૩૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમની દિકરી થાય છે, જેની જન્મતારીખ તેમને ખબર નથી. બનાવ વખતે તેમના વિસ્તારમાં લઠ્ઠાકાંડનો બનાવ બનેલો તે દિવસે સવારના છ વાગ્યે ભોગબનનાર દિકરી ઘરમાં હાજર મળેલી નહી તેથી તેઓ તેમની દિકરીની શોધખોળ કરવા લાગેલા. તપાસ કરતા તેમના ઘરમાં તેમની દિકરી તેનું આયુષ્યમાન કાર્ડ સાથે લઇ ગયેલી હતી. બનાવના બે મહિના પહેલા ભોગબનનાર દિકરી પાસેથી એક ફોન મળી આવેલો હતો જે આરોપી નં. ૧ અજીત શામજીભાઇનો છે તેવું તેણે જણાવેલું જેથી તેઓએ આરોપીના કાકાને આ બાબતે કહેતા તેમણે અજીતની સાથે મારકુટ કરેલી. ત્યારબાદ તેમની દીકરી ન મળતા તેમને લાગેલ કે આરોપી અજીત વાઘરોડીયા ભોગબનનાર દિકરીને લઇ ગયો છે તેથી તેઓ તથા તેમનો ભાઇ હકાભાઇ વિગેરે ઘર ઘરના ચાર ભાઇઓ રાણપુર પોલીસ સ્ટેશનમાં તેમની દિકરીની ફરીયાદ કરવા ગયેલ અને તેમની દિકરીને આરોપી લગ્ન કરવા ભગાડી ગયેલ છે તેવી ફરીયાદ આપેલી. સદર ફરિયાદ ફરિયાદીને બતાવતાં, તેમાં પોતાના અંગુઠાનું નિશાન ઓળખી, આંક - ૩૫ થી રજુ રાખેલ છે. સદરહુ ફરિયાદી આરોપી નં. ૧ અજીતને નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. ૧૫ દિવસ બાદ તેમની દીકરી મળી આવેલી.

**→** બચાવપક્ષે ફરિયાદીની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેમની દિકરી કોની સાથે ભાગી ગઇ તે

બાબતની તેમને કોઇ જાત માહિતી નથી. તેમની દિકરીનો જન્મ ચોક્કસ કયારે થયેલો અને આ જન્મની નોંધ કરાવવા માટે કોણ ગયેલુ તે તેઓ ચોક્કસપણે કહી શકે નહી. તેમની ભોગબનનાર દિકરીને શાળામા મુકવા માટે તેઓ ગયેલા નહી. તેમની ભોગબનનાર દિકરીની શુ જન્મતારીખ તેમના પત્ની સ્કુલમા લખાવી આવેલા તે બાબતની તેમને ખબર નથી. તેમની પત્નીને ભોગબનનાર દિકરીની જન્મતારીખની ખબર નથી. તેમના પત્ની અંગુઠા છાપ છે. ફરીયાદમાં આરોપીનુ નામ શંકાને આધારે આપેલુ. તેમની દિકરીને તે પરત આવી ગઇ ત્યારબાદ બીજા છોકરા સાથે વેવિશાળ થઇ ગયેલા છે અને તેને પરણાવવાની છે.

➙ આરોપી નં. ર ના વિ.વ.શ્રી દ્વારા ફરિયાદીની આરોપી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત ફરિયાદીની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર બનાવ સમયે ભોગબનનારની ઉમર ૧૮ વર્ષમાં ૨ થી ૩ મહિના ખુટતી હતી અને બનાવના દિવસે તેણી મળી ન આવતા આ કામના આરોપી નં.૧ ઉપર શંકા ગયેલી કારણ કે, ભોગબનનાર પાસેથી બનાવના ૨ મહિના પહેલા આરોપી નં. ૧ નો ફોન મળી આવેલો. તે સંજોગોમાં આરોપી નં. ૧ વિરૂદ્ધ આ બનાવની ફરિયાદ આપેલી. આરોપી તરફે થયેલી ઉલટતપાસ જોતાં ફરિયાદીએ જણાવેલ છે કે, તેમની ભોગબનનાર દીકરી કોની સાથે ભાગી ગયેલ તેની તેઓને કોઈ જાત માહિતી નથી અને ભોગબનનારનો જન્મ ચોક્કસ ક્યારે થયેલો અને આ જન્મની નોંધ કરવા કોણ ગયેલુ તે પણ તેઓ કહી શકે તેમ નથી. તેમજ તેમની પત્નીને પણ ભોગબનનાર દીકરીની જન્મ તારીખની ખબર નથી. ફરિયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપી નં. ૧ નુ નામ માત્ર શંકાના આધારે આપેલુ. તે સંજોગોમાં ફરિયાદીની સમગ્રપણે જુબાની જોતાં તેઓએ આંક – ૩૫ વાળી ફરિયાદથી વિપરીત હકીકતો જુબાનીમાં જણાવેલ છે અને આરોપી નં. ૧ તેમની ભોગબનનાર દીકરીને લઈ ગયેલ હોય તેવી કોઈ માહિતી તેમને નથી તેમ જણાવતા હોય ફરિયાદીની જુબાનીના આધારે આરોપીઓને સજા કરી શકાય તેવો કોઈ પુરાવો જણાતો નથી.

**૧૧.)** વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૨ ભોગબનનારને આંક – ૩૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,

તેણીની જન્મતારીખ ૧૭/૧૦/૨૦૦૪ છે. અણીયાળી ગામે તેમના ઘરની બાજુમા ચામુંડા માતાજીનો મઢ આવેલો છે. આ મઢે આરોપી નં. ૧ અજીત અવાર નવાર આવતો હતો. આશરે એક થી બે વરસ પહેલા આરોપી અજીતે તેણીને ફોન આપેલો હતો. જે ફોનમાં તેણી આરોપી અજીત સાથે વાતો કરતી હતી. તેણીનો આ ફોન તેમના માતા–પિતાએ પકડી પાડેલો અને તોડી નાખેલો. પછી ફરીવાર અજીત મઢે પગે લાગવા આવેલ અને તે વખતે અજીતે તેમના માતાજીના મઢની બહાર સીમકાર્ડનો ઘા કરેલો. આ સીમકાર્ડથી તેણી અજીત સાથે વાતો કરતી હતી. પછી અજીત ચરમાળીયા દાદાની દેરી જે તેમના ગામમા આવેલી છે ત્યા આવેલો અને તેણીને ભાગી જવાનું કહેલુ. ભાગી ગયા પહેલા તેણી આરોપી અજીતને વાડીએ મળેલી અને તે વખતે તેણીએ અજીત સાથે શારીરિક સંબંધ બાંધેલો. પછી આરોપીએ તેણીને ભાગી જવાનું કહેલ કે, *જો મારી સાથે ભાગી નહી જા તો તારા ફોટા ઘા કરીને નાખી દઇશ અને હું મરી જઇશ.*

આશરે એકાદ વરસ પહેલા રાત્રે અજીતનો ફોન આવેલો અને તેણીને કહેલ કે, *'તુ અહી ચરમાળીયા દાદાની ડેરી એ આવજે હું આવી ગયો છું.'* જેથી તેણી કપડાની થેલી લઇ ત્યાં ગયેલી તો ત્યાં આરોપી અજીત મોટરસાયકલ લઇને ઉભો હતો અને તેણી તેની પાછળ બેસી ગયેલી. ત્યારબાદ તે મોટરસાયકલમાં બેસી આરોપી અજીતનાં બેન કાજલબેનને ત્યાં ગયેલા ત્યાં કાજલબેનના ઘરવાળાએ વાડીઓમાં રહેવાની વ્યવસ્થા કરી આપેલી. ત્યાં તેઓ છ સાત દિવસ રોકાયેલા. ત્યાં તેમની સાથે રાત્રીના સમયે શારીરિક સંબંધ બાંધતા હતા. તે લગ્ન થયા પછી પત્ની સાથે પતિ જે કઇ કરે તેવું બધુ જ તેણીની સાથે કરતા હતા. તેણી સાથે આરોપીએ અઠવાડીયા દરમ્યાન બે થી ત્રણ વખત આવી રીતે સંબંધ બાંધેલ. ત્યારબાદ તેમના માતા–પિતાને ખબર પડતા તેઓ ત્યાં સગાવાલા સાથે ઇકો ગાડી લઇને આવેલા. અને તેણીને તથા અજીતને ઇકો ગાડીમાં બેસાડી અણીયાળી ગામે લાવેલા. સદર ગાડીમાંથી તેણીને અને અજીતને નીચે ઉતારતા અજીત તેમના કાકાને ધક્કો મારીને ખેતરોમાં ભાગી ગયેલ. ત્યારબાદ પોલીસ તેણીને રાણપુર કોર્ટમાં લઇ ગયેલી. ત્યા જજ સાહેબે તેણીની પુછપરછ કરેલી ત્યારબાદ તેણીએ સહી કરેલી. સદરહું ભોગબનનારને સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનું નિવેદન બતાવતાં, તેમાં

તેણી પોતાની સહી ઓળખી બતાવે છે, જે આ કામે આંક – ૩૯ થી રજુ રાખેલ છે. તેણીએ બનાવ સમયે પહેરેલ કપડા પોલીસને આપેલા જે તેણીને બતાવતાં, તેણી નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. વધુમાં, તેણીએ પોલીસને બનાવવાળી જગ્યા બતાવેલી. આરોપી નં. ૧ અજીતને તેણી નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે તેમજ આરોપી નં.૨ ને પણ તેણી ઓળખે છે.

➞ બચાવપક્ષે ભોગબનનારની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તમારો જન્મ કયા ગામ થયેલો? તેના જવાબમા ભોગબનનારે જણાવેલ કે, અણીયાળી કસ્બાતી ગામે થયેલો. તમારી જન્મતારીખ તમારા ઘરમાં તમને સૌથી પહેલા કોણે જણાવેલી? તેના જવાબમા જણાવેલ કે, તેણીના માતા–પિતાએ કીધેલી. તેણીએ પોલીસને કોઇ સીમકાર્ડ નંબર કે મોબાઇલ નંબર જણાવેલ નથી. તેણી ફોનમાં તેણીના માતા–પિતાથી છાનામાના વાત કરતી જે તેઓને ગમતુ ન હતુ. તેણી ફોન તથા સીમકાર્ડ તેણીના માતા–પિતાથી છાનુમાનુ રાખતી હતી. તેણીએ આરોપી સાથે ફોનમા ઘણી બધી વખત વાતો કરેલી. આરોપીને તેણીએ કયારેય તેમની જન્મતારીખ જણાવેલ ન હતી. આરોપીને પણ તેણીની જન્મતારીખની જાણ ન હતી. આરોપી એવુ માનતો હતો કે તેણી સાથે તેના લગ્ન થઇ શકે. પોલીસે પુછપરછ કરી તે સમયે તમારી સાથે કોણ કોણ હતુ? તેવી પ્રશ્નસ્વરૂપની ઉલટતપાસના જવાબમાં તેણી જણાવે છે કે, તેણીના માતા–પિતા હતા. પોલીસે જે લખેલ તે તેણીને વાંચી સંભળાવેલ નહી. ડોકટર સાહેબ પાસે તેણીને લઇ ગયા ત્યારે પોલીસે ડોકટર સાહેબ સાથે બધી વાતચીત કરેલી. રાણપુર કોર્ટમાં ગયા તે વખતે પોલીસવાળા બેને તેણીને બધુ સમજાવેલ કે શું કહેવુ. તેણીનો જન્મ દવાખાનામા થયો ન હતો પંરતુ ઘરે થયો હતો. તેણીને નિશાળનો દાખલો આપેલ તે વખતે તેણીની જન્મતારીખ કોણે લખાવેલે તથા તે જન્મતારીખ સાચી હતી કે કેમ તે તેણી કહી શકે નહી.

➞ સદરહુ ભોગબનનારની આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, કહેવાતા બનાવમા તેણીને જે જગ્યાએ રોકાવાની વ્યવસ્થા કરી આપેલ તે જગ્યા કોની માલિકીની છે તેનો સર્વે નંબર શુ છે તેની તેણીને ખબર નથી તથા તેની આજુ બાજુ કોના કોના ખેતર આવેલા તેની પણ

ખબર નથી.

– ઉપરોક્ત ભોગબનનારની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર બનાવના બે વર્ષ પહેલા આરોપી નં. ૧ એ તેણીને ફોન આપેલો જેમાં તે આરોપી સાથે અવાર નવાર વાતચીત કરતી હતી અને બનાવ તારીખે ભોગબનનાર આરોપીના કહેવાથી ઘરેથી જતી રહેલી. ભોગબનનારે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપી નં.૧ સાથે પોતાની મરજીથી શારીરિક સંબંધ બાંધેલો. આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોતા ભોગબનનારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને ભોગબનનારની જન્મતારીખની જાણ ન હતી અને તેણીએ પણ ક્યારેય પોતાની જન્મ તારીખ આરોપીને જણાવેલ ન હતી. ભોગબનનારે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, પોલીસે જે નિવેદન લીધેલુ તે તેણીને વાંચી સંભળાવેલ નથી તેમજ ડોક્ટર સાહેબ રૂબરૂ પણ પોલીસે બધી વાત કરેલી અને સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળના નિવેદનમાં શુ કહેવુ તે પોલીસે સમજાવેલુ. વિશેષમાં તેઓ આરોપી નં. ૧ સાથે જે જગ્યાએ રોકાયેલા તે કોની માલિકીની હતી અને આજુબાજુ કોણ રહેતુ હતુ તેની પણ કોઈ વિગતો ભોગબનનારે જણાવેલી નથી. ભોગબનનાર દ્વારા સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળના નિવેદનમાં જે હકીકતો જણાવવામાં આવેલી છે તેનાથી વિપરીત હકીકતો કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલી છે અને નિવેદનમાં તેણીના જણાવ્યા અનુસાર આરોપી નં. ૧ એ તેને ધમકી આપી અવાર નવાર તેણીની મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધ બાંધેલો. પરંતુ કોર્ટ રૂબરૂની જુબાનીમાં આવી કોઈ હકીકતો જાહેર કરેલ નથી. તે સંજોગોમાં ભોગબનનારની જુબાનીમાં ઘણી વિરોધાભાસી હકીકતો જોવા મળેલ છે અને તેણી પોતે મરજીથી ઘરેથી જતી રહેલ હોવાની હકીકત કોર્ટ રૂબરૂ જણાવેલી છે તે સંજોગોમાં આ ભોગબનનારની જુબાનીના આધારે આરોપીઓને સજા કરી શકાય તેવો કોઈ પુરાવો જણાતો નથી.

**૧૨.)** વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૩ ભોગબનનારના માતાને આંક – ૪૧ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમની દીકરી થાય છે. જેનો જન્મ ક્યારે થયેલો તેની તારીખ તેમને ખબર નથી. આશરે બારેક મહિના પહેલા બનાવ બનેલો. બનાવના દિવસે રાત્રે તેઓ બધા સુઇ ગયેલા અને સવારે તેણી જાગી ત્યારે જોયું તો ભોગબનનાર દિકરી સુતેલી

હતી તે જગ્યાએ બે ઓશિકા હતા પરંતુ તે ન હતી તેથી તેણીએ તેમના પતિને જગાડીને વાત કરેલી. પરંતુ તે મળેલી નહી. તે પછી તેણીના ભાઇઓએ તેમને જણાવેલુ કે, આરોપી અજીતભાઇ સાથે તેણીની દિકરી ભાગી ગયેલી. બનાવ પહેલા અજીત સાથેના તેમની ભોગબનનાર દીકરી સાથેના સંબંધ બાબતેની તેણીને ખબર ન હતી. ત્યારબાદ તેઓએ તેમની ભોગબનનાર દિકરી બાબતે કેસ કરેલો. આશરે ૧૫ દિવસ પછી ભોગબનનાર દિકરી મળી આવેલી. આરોપી અજીત તેમના ભાઈઓનો દિકરો થતો હોય જેથી તેણી નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્બારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેણીને વાંચતા કે લખતા આવડતુ નથી. તમારી ભોગબનનાર દિકરીનો જન્મ કયા થયેલો? તેવી પ્રશ્ન સ્વરૂપની ઉલટતપાસના જવાબમાં તેણી જણાવે છે કે, ઘરે અણીયાળી કસ્બાતી ગામે થયેલો. તમારી ભોગબનનાર દિકરીને નિશાળે કોણ મુકવા ગયેલુ? તેના જવાબમા જણાવેલ કે, તેની તેમને ખબર નથી. નિશાળમા તેની શુ વિગતો લખાવી તેની પણ તેમને ખબર નથી. તેમની ભોગબનનાર દિકરીની જન્મની પંચાયતમા નોંધ કરાવેલ કે કેમ તેની પણ તેમને ખબર નથી. ભોગબનનારની ચોકકસ જન્મતારીખ શુ હતી તે તેણી કહી શકે નહી. પોલીસે તેણીને કઇ પુછેલુ નહી કે તેણીએ પોલીસને કઇ જણાવેલુ નહી. તેમની ભોગબનનાર દિકરી બનાવના દિવસે તેણીને કે તેણીના પતિને કઇ પણ કહ્યા વગર જતી રહેલી. જે દિવસે ભોગબનનાર જતી રહેલી ત્યારે તે કોની જોડે જતી રહેલી તે તેણીને કે તેણીના પતિને ખબર ન હતી. તેમની ભોગબનનાર દિકરી આરોપી સાથે જતી રહી તે બાબતનો માત્ર તેમને શક હતો તે બાબતની તેમને ચોકકસ કઇ ખબર ન હતી.

➞ આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્બારા આ સાહેદની આરોપી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર તેમની ભોગબનનાર દીકરી આરોપી નં. ૧ સાથે ભાગી ગયેલી. પરંતુ આ બનાવ પહેલા ભોગબનનારને આરોપી નં. ૧ સાથે કોઈ સંબંધ હતા કે કેમ તેની તેઓને કોઈ જાત માહિતી નથી. આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોતા તેઓના જણાવ્યા અનુસાર

ભોગબનનારની જન્મતારીખ શુ છે તે કહી શકે તેમ નથી તેમજ તેઓ દ્વારા પોલીસ સમક્ષ કોઈ નિવેદન આપવામાં આવેલ નથી. વિશેષમાં તેમની ભોગબનનાર દીકરી ઘરે કોઈને પણ કહ્યા વિના જતી રહેલી અને માત્ર શંકાના આધારે આરોપી નં. ૧ વિરૂદ્ધ ફરિયાદ આપેલી. તે સંજોગોમાં આ સાહેદને બનાવ અંગે કોઈ અંગત જાણકારી હોય તેવુ જણાતુ નથી, માત્ર આરોપી નં. ૧ વિરૂદ્ધ શંકાના આધારે ફરિયાદ આપી હોય તેવુ જણાય છે. તે સંજોગોમાં આ સાહેદની જુબાનીના આધારે આરોપીઓને સજા કરી શકાય તેવો કોઈ પુરાવો પ્રાપ્ત થતો નથી.

૧૩.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૪ ડૉ. કૌશિકભાઈ ધનસુખભાઈ જાદવને આંક – ૪૫ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૯/૦૮/૨૦૨૨ ના રોજ તેઓ સી.એચ.સી. રાણપુર ખાતે ફરજ પર હાજર હતા તે દરમ્યાન રાણપુર રુરલ પો.સ્ટે. ખાતેથી આરોપીની મેડીકલ તપાસણી કરવાની યાદી મળતા તે યાદી રીસીવ કરી આરોપીની મેડીકલ તપાસણી કરેલી. આરોપીએ તેઓ સમક્ષ જાતે ઈતિહાસ જણાવેલ. તેઓની શારીરિક તપાસણી કરેલી તેમજ આ કામે તેમણે આરોપીના શરીર પરથી જરુરી નમુનાઓ જેવા કે, પ્યુબીક હેર, સલાઈવા, લોહી, સીમેન, નખ લીધેલા. ત્યારબાદ આરોપીની શારીરિક તપાસણી કરેલી તે અંગેની વિગત પ્રમાણપત્રમાં જણાવેલ. તેમજ આરોપીનું મેડિકલ સર્ટીફિકેટ તૈયાર કરેલું. જે સર્ટીફિકટ તેઓને બતાવતાં, તે તેઓ ઓળખી બતાવે છે. તેમણે આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ તૈયાર કરેલુ જેમા તેમના હસ્તાક્ષર, સહી તથા હોદ્દાનો સીકકો છે જે તેઓએ ઓળખી બતાવે છે. જે આંક – ૪૭ થી રજુ રાખેલ છે. તેમજ ઓ.પી.ડી. કેસ પેપર બતાવતાં, તેમાં પોતાની સહી તથા હોદ્દાનો સીક્કો ઓળખી બતાવી, આંક – ૪૮ થી રજુ રાખેલ છે. તેમણે સદર કામે આરોપીના મેડીકલ તપાસણી દરમ્યાન લીધેલ નમુનાઓ એફ.એસ.એલ. તપાસણી માટે ફોર્વડીંગ પત્ર સાથે પોલીસને આપેલા.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેમણે આરોપીની તપાસ કરી અને તપાસ પુરી કરી ત્યાં સુધી પોલીસ આરોપીની સાથે હતી.

➞ આરોપી નં. ૨ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર તેઓ દ્વારા આરોપી નં. ૧ ની શારીરિક તપાસ કરવામાં આવેલી. પરંતુ શારીરિક તપાસણી દરમિયાન આરોપીના શરીરના ભાગે કોઈ ઈજાના નિશાન જોવા મળેલા નહી. તે સંજોગોમાં ફરિયાદપક્ષ દ્વારા આ બનાવ સંબંધે આરોપીઓ વિરૂદ્ધ બનાવને સંલગ્ન કોઈ વિશેષ હકીકતો પુરવાર કરવામાં આવેલ નથી અને આ સાહેદની જુબાનીના આધારે આરોપી નં. ૧ ને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ સાંકળતો કોઈ પુરાવો પ્રાપ્ત થતો નથી.

૧૪.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૫ ડૉ. જીગીશભાઈ પીનાકીન પાઢને આંક – ૫૩ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ તેઓ સર.ટી. હોસ્પીટલ, ભાવનગર ખાતે ગાયનેકોલોજીસ્ટ તરીકે તેમની ફરજ પર હતા તે વખતે સવારે ૦૯:૩૦ કલાકે તેમની સમક્ષ પોલીસ યાદી સાથે મહિલા પો.કોન્સ.નાઓ તેમની સમક્ષ ભોગબનનારને લઈ આવેલા. જે યાદી આંક – ૫૪ થી રજુ રાખેલ છે. તેમને સી.એચ.સી. રાણપુર દ્વારા ઉકત ભોગબનનારને ગાયનેક તપાસ માટે રીફર કરવામાં આવેલા જે રીફર સ્લીપ આંક – ૫૫ થી રજુ રાખેલ છે. તેમજ ભોગબનનારના શરીરની તપાસણી કરતા પહેલા તેઓની સંમતિ લીધેલી જે આપતા તેણીના શરીરની તપાસણી કરતા તેણીના શરીરના ડાબા તથા જમણા હાથના કાંડાની ઉપર ના ભાગે કાળા તલનુ નીશાન હતુ. ત્યારબાદ તેણીની શારીરિક તપાસણી કરેલી. ત્યારબાદ ભોગબનનારને મેડિકલ હિસ્ટ્રી પુછતાં તેણીએ બનાવ સંબંધેની હિસ્ટ્રી જણાવેલી. સદર ભોગબનનારની શારીરિક ચકાસણી ભોગબનનારની તથા તેના માતાની લેડીઝ પોલીસની તથા સ્ટાફ નર્સની હાજરીમાં કરેલી અને તમામની સહી લીધેલ. આ અંગે તેઓએ તેમના હસ્તાક્ષરમાં ભોગનનારનું સર્ટીફીકેટ તૈયાર કરેલુ. જે સર્ટીફિકેટ તેઓને બતાવતાં, તેમાં તેમની સહી તથા હોદ્દાનો સિક્કો ઓળખી બતાવી, આંક – ૫૬ થી રજુ રાખેલ છે. તેમના મત મુજબ ભોગબનનાર સાથે શારીરિક સબંધ બાધવામાં આવેલ હતો.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં

આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, ભોગબનનારની હીસ્ટ્રી પુછેલી ત્યારે પોલીસ હાજર હતી તેમજ ભોગબનનારનું હાઈમન જુનુ તુટેલુ હતુ, તે કેટલું જુનુ તુટેલુ હશે તે તેઓ કહી શકે નહી. ભોગબનનારના શરીરના ગુપ્ત ભાગે કોઈ સોજા કે ઈજાના નિશાન ન હતા. તેમજ ભોગબનનારના બાહ્ય શરીરના ભાગે પણ કોઈ બળજબરીના નિશાન ન હતા. ભોગબનનારના સેકન્ડરી સેક્સુયલ કેરેકટર વિકસિત હતા જેથી પુખ્તતાની નજીક હોવાનુ કહી શકાય. ભોગબનનાર સાથે ચોક્કસપણે શારીરિક સબંધ બંધાયેલ હોવાનું તેઓ કહી શકે નહી.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર તેઓ દ્વારા ભોગબનનારની શારીરિક તપાસ કરવામાં આવેલી છે. પરંતુ ભોગબનનારના શરીર ઉપર કોઈ ઈજાના નિશાનો જોવા મળેલ નથી અને ભોગબનનાર દ્વારા જે મેડિકલ હીસ્ટ્રી આપવામાં આવેલી છે તે સંબંધે તેણીની જુબાની જોતા આરોપીઓ વિરૂદ્ધની કોઈ વિશેષ હકીકતો પુરવાર થતી નથી અને ભોગબનનાર દ્વારા જે જુબાનીમાં વિરોધાભાસી હકીકતો જણાવવામાં આવેલી છે તે જોતા મેડિકલ હિસ્ટ્રીમાં જે વિગતો જાહેર કરવામાં આવેલી છે તે શંકાસ્પદ જણાય છે. તે સંજોગોમાં આ સાહેદની જુબાનીના આધારે આરોપીઓને સજા કરી શકાય તેવો કોઈ પુરાવો પ્રાપ્ત થતો નથી.

**૧૫.)** વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૬ અનીલભાઈ કુલજીભાઈ ગોહિલને આંક – ૬૧ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ધી જન્મભુમી હાઈસ્કુલ, રાણપુર ખાતે આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેમની સ્કુલમાં સને– ૨૦૧૮ થી ૨૦૧૯ ના વર્ષનુ જનરલ રજીસ્ટર તેઓએ રજુ રાખેલ છે. તેઓને આંક – ૬૨ વાળુ બોનાફાઈડ સર્ટીફિકેટ બતાવતાં તેમાં આચાર્ય તરીકે તેમણે સહી કરેલી જે તેઓ ઓળખી બતાવે છે. તેઓએ તેમની સ્કુલના જનરલ રજીસ્ટરની ખરીનકલ રજુ રાખેલ છે જેમા સ્કુલના પ્રિન્સીપાલ તરીકે તેમણે સહી કરેલી છે જે રજીસ્ટરના જી.આર નં. ૧૪૬૭૫ અનુસાર ભોગબનનારની જન્મ તારીખ ૧૭/૧૦/૨૦૦૪ છે અને જન્મ સ્થળ અણીયાળી કસ્બાતી તા.રાણપુર છે. ભોગબનનાર તેમની સ્કુલમા ધોરણ નવમા તા ૧૧/૬/૨૦૧૮ મા દાખલ થયેલા અને તા.૩૧/૦૫/૨૦૧૯ સુધી અભ્યાસ કરેલો. ત્યારબાદ તેમની સ્કુલ છોડી

દીધેલી અને સ્કુલ લીવીંગ સર્ટી તા.૩૧/૦૫/૨૦૧૯ ના રોજ લઇ ગયેલા છે. જે રજીસ્ટરની નકલ આંક – ૬૩ થી રજુ રાખેલ છે. ભોગબનનારે તેમની સ્કુલમાં પ્રાઇમરી સ્કુલમાં એડમીશન લીધેલુ તે અંગેનું તે સમયે અગાઉની સ્કુલનું લીવીંગ સર્ટીફિકેટ આંક – ૬૪ થી રજુ રાખેલ છે.

→ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, સ્કુલમાં એડમીશનની કાર્યવાહી મોટાભાગે ક્લાર્ક કરતા હોય છે. તેમની સ્કુલમાં વીસ શિક્ષકો અને ત્રણ પટ્ટાવાળા છે. તેમની સ્કુલમાં એડમીશનની કાર્યવાહી શિક્ષકો કરે છે. ભોગબનનારે તેમની સ્કુલમાં એડમીશન લીધેલુ તે અંગેનુ ફોર્મ તેમણે રજુ કરેલુ નથી. પોલીસે તેમનુ કોઈ નિવેદન લીધેલુ નથી. અણીયાળી પ્રાથમિક શાળાના દાખલામાં ભોગબનનારની જન્મતારીખ સાચી છે કે ખોટી તે તેઓ કહી શકે નહી. તેઓએ રેકર્ડના આધારે જુબાની આપેલ છે.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર તેઓ દ્વારા ભોગબનનારનુ સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ તથા સ્કુલના રજીસ્ટરની નકલ કોર્ટ રૂબરૂ રજુ કરવામાં આવેલી છે. જો કે આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોતા તેઓએ માત્ર રેકર્ડ આધારીત જુબાની આપેલ હોય તેમ જણાય છે. પરંતુ તેઓ દ્વારા રજુ થયેલા દસ્તાવેજો જાહેર દસ્તાવેજ હોય અને પ્રોપર કસ્ટડીમાંથી રજુ થતા હોય તેના પર શંકા ઉપસ્થિત કરવાનુ કોઈ કારણ જણાતુ નથી અને તે સંજોગોમાં ભોગબનનારની જન્મતારીખ ૧૭/૧૦/૨૦૦૪ ની હોવાનુ પુરવાર થાય છે.

૧૬.) ફરિયાદપક્ષે **સાહેદ નં. ૦૭ પંચ રણછોડભાઈ ઉકાભાઈ રોજારાને આંક – ૬૭** થી તથા **સાહેદ નં. ૦૮ પંચ રામજીભાઈ રણછોડભાઈ વડદરીયાને આંક – ૬૯ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે એકાદ વર્ષ પહેલા ફરિયાદીએ તેમને રાણપુર પોલીસ સ્ટેશન સાક્ષીમાં સહી કરવા બોલાવેલા જેથી તેઓ ત્યાં ગયેલા અને તેમણે સહી કરેલી. તે વખતે ત્યાં ફરીયાદીના કુવા હાજર હતા તે વખતે તેઓ બન્ને અને ફરીયાદી સિવાય બીજા કોઈ હાજર હતા કે કેમ તે યાદ નથી. પોલીસ સ્ટેશનમા પોલીસે તેમને કોઇ વસ્તુ બતાવેલ નથી. તેમની હાજરીમા કોઇએ કાઈ રજુ કરેલ હોય તેવુ યાદ નથી. આ સાહેદને આંક –૬૮ થી રજુ ભોગબનનારે બનાવ સમયે પહેરેલા કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ

બતાવતા તેમાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદને પોલીસે તેમની હાજરીમા જે મુદ્દામાલ કપડા કબજે લીધેલા તે બતાવતા તે તેઓ ઓળખી બતાવતા નથી.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, પોલીસે તેમને જયા જયા કહેલ ત્યા તેમણે સહી કરેલ. કેટલી સહી કરેલ તે યાદ નથી. શુ લખેલ હતુ તેની તેમને ખબર નથી. તેઓએ તૈયાર કાગળમા સહી કરેલી. સહી સિવાય કઇ તેઓ જાણતા નથી. ફરીયાદી તેમના ગામના છે અને તેઓને ફરિયાદી સાથે સારા સંબંધ છે અને ફરિયાદીએ તેમને રાણપુર બોલાવેલા. પોલીસે ફક્ત તેમનું નામ, સરનામુ પુછેલુ અને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી.

➞ આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા આ સાહેદની આરોપી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત પંચસાહેદોની જુબાની જોતાં તેઓ આંક – ૬૮ વાળા પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપતા નથી. તેમજ તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે લેવામાં આવેલ હોય તેવુ પણ આ સાહેદ જણાવતા નથી. આરોપી તરફે થયેલી ઉલટતપાસ જોતાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામામાં શુ લખેલુ તેની તેઓને કોઈ માહિતી નથી અને પોલીસે માત્ર તેઓને નામ, સરનામુ પુછી તૈયાર કાગળમાં સહી લીધેલી. તે સંજોગોમાં આ પંચસાહેદોની જુબાનીના આધારે ફરિયાદપક્ષ આંક – ૬૮ વાળુ પંચનામુ શંકારહિત પુરવાર કરી શકેલ નથી.

૧૭.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૦૯ પંચ રસીકભાઈ નથુભાઈ ધરજીયાને આંક – ૭૨ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે આશરે બે વરસ પહેલા તેમને રાણપુર પોલીસ સ્ટેશન ખાતે પંચનામુ કરવા માટે બોલાવેલ અને સાક્ષીમાં સહી કરવાનુ કહેલ જેથી તેઓએ એક કાગળમા સહી કરેલી. તે વખતે પોલીસ સ્ટેશનમાં તેઓ તથા તેમનો મિત્ર જયેશભાઇ ભરતભાઈ અને ભોગબનનારના પિતા ફરીયાદી હાજર હતા, તે સિવાય બીજુ કોઇ હાજર ન હતુ. તે વખતે પોલીસે તેઓને જણાવેલ કે, પોકસોનો કેસ છે અને

ભોગબનનારના કપડા કેવા કલરના હતા તેવુ જણાવવા માટે કહેલુ. ભોગબનનારે જાંબલી કલરના કપડા પહેરેલ હતા અને તેઓને જામીનમાં સહી કરવા માટે કહેતા તેમણે સહી કરેલી. સાહેદને આરોપીએ બનાવ સમયે પહેરેલા કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે પોતાની તથા પંચ નં.૨ તરીકે જયેશભાઇની સહી ઓળખી બતાવે છે, જે પંચનામુ આંક – ૭૩ થી રજુ રાખેલ છે. આ સાહેદને તેમની રૂબરૂ કબજે કરવામાં આવેલ આરોપીના કપડા નામદાર અદાલત રૂબરૂ બતાવતા તે તેઓ ઓળખી બતાવતા નથી. તેઓએ પોલીસ રુબરુના પંચનામામા એવી હકીકત લખાવેલ છે કે, આ ઈસમે ગુન્હામા ઉપયોગમા લીધેલ મોટરસાયકલ કે જે સીલ્વર કલરની હીરો કંપનીનુ મોટરસાયકલ હતુ જેની નંબર પ્લેટ જોતા જી.જે.૧૩.એ.ઈ.૯૫૩૨ હતી. જેના એન્જીન નંબર તથા ચેચીસ નંબર તેઓએ જોયેલા અને પોલીસે તે મોટરસાયકલ કબજે લીધેલ.

➡ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, ફરીયાદી તેમના ગામના છે. ફરીયાદી સાથે તેમને સારા સંબંધો છે. રાણપુર પોલીસ સ્ટેશન ખાતે તેમને ફરીયાદીએ બોલાવેલ. તેઓ પંચનામામા પહેલી વખત રહેલા અગાઉ રહેલ નહી. પંચનામુ લખાવવાનો તેમને કોઈ અનુભવ નથી. પંચનામુ તેઓ બોલતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નહી. કપડા કોના છે તે તેઓ કહી શકે નહી. તેમણે મોટરસાયકલની માલિકીનો આધાર જોયેલ નહી. સદરહુ મોટરસાયકલ કોનુ છે તે તેઓ કહી શકે નહી.

➡ આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા આ સાહેદની આરોપી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

**૧૮.)** વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૦ પંચ જયેશભાઈ ભરતભાઈ દેસાણીને આંક – ૭૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે આશરે બે વરસ પહેલા તેમને તથા રસીકભાઇને રાણપુર પોલીસ સ્ટેશન ખાતે ભોગબનનાર ભાગી ગયેલી તે સંબંધે બોલાવેલ. તે વખતે પોલીસ સ્ટેશનમા ભોગબનનાર તથા જે છોકરો ભગાડી ગયેલો તે હાજર હતો. તે વખતે પોલીસ લખતી હતી અને તેમની પંચમા સહી લીધેલી આ લખાણ શેનુ હતુ તે તેઓને હાલ યાદ નથી. તે સિવાય તેઓની હાજરીમા બીજી કોઇ કાર્યવાહી થયેલી

નહી. સાહેદને આંક–૭૩ થી રજુ પંચનામુ બતાવતા, તેમાં પંચ નં.૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. સદરહુ સાહેદને પોલીસે તેમની હાજરીમા જે મુદ્દામાલ કપડા કબજે લીધેલા તે મુદ્દામાલ બતાવતા તે તેઓ ઓળખી શકતા નથી. સાહેદને વધુમાં જણાવે છે કે, તા.૦૮/૦૮/૨૦૨૨ ના પોલીસ રુબરુના પંચનામામાં એવી હકીકત લખાવેલ છે કે, પોલીસ સ્ટેશનમા આરોપી અજીતભાઇ સામજીભાઇ વાઘરોડીયા હાજર હતો.

➡ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, ફરીયાદી તેમના ગામના છે. ફરીયાદી સાથે તેમને સારા સંબંધો છે. રાણપુર પોલીસ સ્ટેશન ખાતે તેમને ફરીયાદીએ બોલાવેલ. પોલીસે એક તૈયાર પંચનામામા તેમની સહી લીધેલી, તે સિવાય બીજી કોઇ માહિતી નથી. તેઓ પંચનામામા પહેલી વખત રહેલા અગાઉ રહેલ નહી. પંચનામુ લખાવવાનો તેમને કોઇ અનુભવ નથી. પંચનામુ તેઓ બોલતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નહી. કપડા કોના છે તે તેઓ કહી શકે નહી.

➡ આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા આ સાહેદની આરોપી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત પંચસાહેદોની જુબાની જોતા તેઓના જણાવ્યા અનુસાર તેઓની હાજરીમાં આંક – ૭૩ વાળા પંચનામાનો કોઈ મુદ્દામાલ કબજે લેવામાં આવેલ નથી. વિશેષમાં, આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોતા તેઓના જણાવ્યા અનુસાર પંચનામા સમયે ભોગબનનાર હાજર હતા પરંતુ પોલીસે જે કપડા કબજે લીધેલા તે કોના હતા તે કહી શકે તેમ નથી. વિશેષમાં, પોલીસે જે મોટરસાયકલ કબજે લીધેલ તે પણ કોની માલિકીનુ હતુ તેની તેઓને કોઈ માહિતી નથી. તે સંજોગોમાં આંક –૭૩ વાળા પંચનામાની હકીકતો શંકારહિત સાબિત થતી નથી.

૧૯.) ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૧ પંચ રૂપસંગભાઈ કાનજીભાઈ કુમરખાણીયાને આંક – ૭૭** થી સોગંદ ઉપર તપાસેલાં છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આ કામના ફરિયાદીની ભોગબનનાર દીકરી પગીના દીકરા સાથે ભાગી ગયેલી તે વખતે ફરિયાદીએ તેમને રાણપુર પોલીસ સ્ટેશનમાં

બોલાવેલ અને તેમને સહી કરવાનુ કહેલુ. પરંતુ તેઓ સ્કુલે ગયેલ ન હોવાથી અંગુઠો કરે છે અને સહી કરતા આવડતુ નથી જેથી તેમણે અંગુઠાનુ નિશાન કરેલુ.

– સદરહુ પંચ સાહેદને ડ્રોપ કરવામાં આવેલ છે.

૨૦.) ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૨ પંચ વિરમભાઈ ભીખાભાઈ બળોલીયાને આંક – ૭૮** થી સોગંદ ઉપર તપાસેલાં છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે બે વરસ પહેલા તેઓ રાણપુર પોલીસ સ્ટેશને ગયેલા હતા તે વખતે તેમની સાથે પંચ નં.૧ રૂપસંગભાઇ પણ હાજર હતા. ત્યા તેઓને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. આ સહી શી બાબતની છે તેની તેમને ખબર નથી. તે વખતે રૂપસંગભાઇએ પણ સહી કરેલી. જે સહી તૈયાર લખેલ કાગળમાં સહી કરેલી.

સદરહું પંચસાહેદ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, જે અન્વયે મંજુરી આપી ઉલટતપાસ કરતાં, કોઇ મહત્વની હકીકત બહાર આવેલી નથી.

➡ આરોપી નં. ૧ તરફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, ફરીયાદીના કહેવાથી તેમણે પંચમા સહી કરેલી. તેઓએ કોઇ લખાણ લખાવેલ નથી. પંચનામામા શુ લખાણ કરેલ તે તેમને ખબર નથી.

➡ આરોપી નં. ૨ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત પંચસાહેદની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર આંક – ૭૯ વાળા પંચનામામાં જે સહી છે તે તેઓની નથી અને તે સંજોગોમાં ફરિયાદપક્ષ તરફે આ સાહેદને ડ્રોપ કરવામાં આવેલા છે. જ્યારે આ પંચનામાના અન્ય પંચસાહેદને આંક – ૭૮ અન્વયે તપાસવામાં આવેલ છે. તેઓના જણાવ્યા અનુસાર તેઓએ માત્ર તૈયાર કાગળમાં સહી કરેલી છે. પરંતુ તેની હાજરીમાં કોઈ મેડિકલ નમુના કબજે લેવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. આ પંચસાહેદ પંચનામામાં પોતાની સહી સિવાય બીજી કોઈ હકીકતો જણાવતા નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષ દ્વારા આંક – ૭૯ વાળા પંચનામાની હકીકતોને શંકારહિત પુરવાર કરવામાં આવેલ નથી.

૨૧.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૩ પંચ અમીતભાઈ મનુભાઈ મકવાણાને આંક – ૮૨ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની

જુબાનીમાં જણાવેલ છે કે, આશરે બે વરસ પહેલા તેઓ રાણપુર પેટાવિભાગીય કચેરી, PGVCL ખાતે સિનિયર આસીસ્ટંટ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમના નાયબ ઈજનેર દ્ધારા એક પંચનામામા જવા માટે તેઓને મૌખીક આદેશ કરેલો તે સમયે રાણપુર પોલીસ દ્ધારા પોલીસ વાનમા રાણપુર પોલીસ સ્ટેશનમા લઈ ગયેલા. ત્યારબાદ ત્યાથી તેઓ સ્થળ જોવા ગયેલા કયુ સ્થળ હતુ તે હાલ તેમને યાદ નથી. પોકસોનો કેસ હોય સરકારી પંચ તરીકે તેમને લઈ ગયેલા શેના માટે સ્થળ પર લઈ ગયેલા તે યાદ નથી. તે વખતે ત્યા કોણ હાજર હતુ તે તેમને ખબર નથી. ત્યા સ્થળ પર ચકાસણી કરી. સ્થળ પરની જગ્યા શુ હતી તેની તેમને ખબર નથી. આ સ્થળની આજુબાજુમા શું હતુ તેની પણ તેમને ખબર નથી. ત્યા સ્થળ પર શુ શુ હતુ તે યાદ નથી. સદરહુ સાહેદને બનાવવાળી જગ્યાનુ પંચનામુ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવી, સદરહુ પંચનામુ આંક – ૮૩ થી રજુ રાખેલ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે, તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ સી.પી.આઈ. બોટાદના બોલાવવાથી દેવાભાઈ રુપાભાઈ દેસળીયાની થાન તાલુકાની રામપરા ગામની સીમમા વનેગઢ રોડ પર આવેલી વાડીએ બોલાવેલા. તે વખતે ત્યા ભોગબનનાર છોકરી હાજર હતી. ભોગબનનાર છોકરી સાથે આરોપી અજીતભાઈ સામજીભાઈ વાઘરોડીયાએ જે જગ્યાએ શરીર સંબંધ બાંધેલ તે જગ્યા ભોગબનનાર બતાવવા માંગતા હોય અને તે જગ્યાનુ પંચનામુ કરવાનુ હોય તેવી સમજ પોલીસે તેઓને કરેલી. તે સમયે ભોગબનનાર તથા તેની માતા પણ હાજર હતા. આરોપીએ જે જગ્યાએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ તે જગ્યાએ તેઓને લઈ જતા તે જગ્યા જોતા વાડીએ ઉગમણા બારનુ ઓશરી ઉતારવાળુ ખુલ્લા દરવાજાવાળુ વિલાયતી નળીયાવાળુ કાચુ મકાન આવેલુ હતુ જે મકાનની અંદર જતા ઉત્તરબાજુએ એક રુમ આવેલ હતો જે રુમનુ ભોયતળીયુ સીમેન્ટ કોક્રીટનું હતુ જેની છત પર વિલાયતી નળીયા હતા અને ભોગબનનારે આ ભોયતળીયામાં આરોપીએ તેની સાથે શરીર સંબંધ બાંધેલાનુ જણાવેલુ. સદરહુ વાડીમાં પાણી છાટવાના ફુવારા, ઘરવખરીનો સામાન તથા ખેતીનો સામાન વિગેરે જોવા મળેલો. આ વાડીની ચતુર્દીશા જોતા આ વાડીની આજુબાજુમા જુદા જુદા લોકોના મકાન અને વાડીઓ આવેલ હતી. આ પંચનામુ પંચોના લખાવ્યા મુજબ પોલીસે લખી લીધુ હતુ.

➙ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેમની ઓફીસ દ્વારા પંચનામામા જવા માટે કોઈ લૈખિત આદેશ કરવામા આવેલ નથી. સદરહુ વાડી દેવાભાઈ રુપાભાઈની હતી તે બાબતે તેમણે કોઈ દસ્તાવેજ જોયેલ નહી. સ્થળ પર ત્યા ગામમા બે ત્રણ રામપરા ગામ હતા અને ચોકકસ ક્યુ રામપરા ગામ હતુ તેની તેમને ખબર ન હતી.

➙ આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા સાહેદની આરોપી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરવા માટે જે સ્થળે ગયેલા તે ક્યુ સ્થળ હતુ અને પોલીસ તેઓને શા માટે લઈ ગયેલી તેની તેઓને ખબર નથી અને તે વખતે ત્યા કોણ હાજર હતુ તેની પણ તેઓને માહિતી નથી. જો કે તેઓની ઉલટતપાસ લેવામાં આવતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક – ૮૩ વાળા પંચનામા સબંધે ભોગબનનારે જે જગ્યા એ આરોપી નં. ૧ સાથે શરીર સંબંધ બાંધેલો તે જગ્યાનું પંચનામુ કરવામાં આવેલુ અને આ પંચનામુ જગ્યાએ જે પરીસ્થિતિ હતી તે મુજબ લખવામાં આવેલુ. આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગામમાં બે–ત્રણ રામપર ગામના સ્થળ હતા અને તે પૈકી ક્યુ ગામ હતુ તેની તેઓને ચોક્કસ ખબર નથી. તેમજ આ વાડી કોની હતી તે અંગેનો કોઈ દસ્તાવેજ પણ થયેલ નથી. તે સંજોગોમાં આ પંચસાહેદની જુબાનીના આધારે આંક – ૮૩ વાળુ પંચનામુ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.

૨૨.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૪ પંચ રમેશભાઈ ઠાકરશીભાઈ મેળજીયાને આંક – ૮૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે બે અઢી વરસ પહેલા પોલીસે તેમને વરુડીના રામપરા ગામે તેમના સાળાની દિકરી એક છોકરા સાથે રાત રોકાયેલી તે અંગે પંચનામુ કરવા માટે બોલાવેલા અને તે વખતે તેમની સાથે આ કામના ફરીયાદી તથા તેમના પત્ની અને પોલીસના માણસો સ્થળ પર હાજર હતા. ત્યા વરુડીના રામપરા ગામે એક વાડીમા તેઓને લઇ ગયેલા તે વાડીમા બાજરી હતી, લીંબુડી હતી અને એક ઓરડી હતી જેમા બે રુમ હતી જે રુમ ઈટો અને નળીયાવાળી હતી અને ત્યા શેટી,

એક તિજોરી હતી. સાહેદને આંક–૮૩ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાનુ પંચનામુ બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

➡ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, ફરીયાદી તેમના સાળા થતા હોય તેઓએ તેમને પંચમા રહેવા માટે જણાવેલુ. બનાવવાળી જગ્યા ભરતભાઈએ બતાવેલી. પોલીસે પંચનામુ લખેલુ અને તેમને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી પરંતુ પંચનામુ તેઓએ વાંચેલુ નહી.

➡ આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા સાહેદની આરોપી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર પોલીસે તેઓને પંચનામુ કરવા બોલાવેલા ત્યારે ફરિયાદી તથા તેમના પત્ની હાજર હતા અને પોલીસ તેઓને એક સ્થળે લઈ ગયેલી જ્યાં પંચનામુ કરવામાં આવેલુ. આ પંચસાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગબનનાર દ્વારા આ જગ્યા બતાવવામાં આવેલી. આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોતા આ સાહેદના જણાવ્યા અનુસાર ફરિયાદીએ આ જગ્યા બતાવેલી અને પોલીસે સહી કરવાનુ કહેતા તેઓએ માત્ર સહી કરેલી. તે સંજોગોમાં આ સાહેદની જુબાનીના આધારે ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ શંકારહિત પુરવાર કરી શકેલ નથી અને બનાવવાળી જગ્યાનુ પંચનામુ પંચસાહેદોની હાજરીમાં કરવામાં આવેલ હોય અને ભોગબનનારે આ જગ્યા બતાવી હોય તેવુ પુરવાર થતુ નથી.

૨૩.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૫ યોગરાજસિંહ અનિરૂદ્ધસિંહ ઝાલાને આંક – ૯૧ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૨/૦૮/૨૦૨૨ ના રોજ તેઓ રાણપુર પોલીસ સ્ટેશન ખાતે ઈ.ચા. પી.આઈ તરીકે ફરજ પર હાજર હતા ત્યારે આ કામના ફરીયાદી તેમની ભોગબનનાર દિકરી સાથે જે બનાવ બનેલ તેની ફરીયાદ તેઓ રુબરુ જાહેર કરતા તેઓએ લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલી અને તેમના અંગુઠાનુ નિશાન તેઓના રુબરુપણામા લીધેલ. જે ફરીયાદ આ કામે આંક–૩૫ થી રજુ રાખેલ છે.

➡ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં

આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, ફરીયાદમા લીધેલ અંગુઠો ઓળખાવેલ નથી. ફરીયાદ આઠ દિવસ મોડી છે. ફરીયાદીએ ફરીયાદ સાથે ભોગબનનારના જન્મનો કોઇ આધાર ફરીયાદ સાથે આપેલ નહી. ભોગબનનાર ફરીયાદ લેતી વખતે સગીર હતા કે કેમ તે તેઓ કહી શકે નહી.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, સદરહુ ફરીયાદમાં રવિનુ કોઇ જગ્યાએ નામ જણાવેલ નથી.

– ઉપરોક્ત પોલીસ સાહેદની જુબાની જોતા તેઓ દ્વારા ફરિયાદીની ફરિયાદ લેવામાં આવેલી છે. જો કે આ ફરિયાદ ૮ દિવસ મોડી આપવામાં આવેલી છે. વિશેષમાં, આંક – ૩૫ વાળી ફરિયાદમાં જે અંગુઠાનુ નિશાન છે તે ખરી હકીકતે ફરિયાદીનુ છે કે કેમ તે અંગે આ અંગુઠાનુ નિશાન કોઈ સાહેદે ઓળખી બતાવેલ નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદ દ્વારા ફરિયાદ લેવામાં ઘણી ગંભીર બેદરકારી દાખવવામાં આવેલી છે અને કોઈપણ જાતના વેરીફીકેશન વિના અંગુઠાનુ નિશાન ફરિયાદમાં લેવામાં આવેલુ છે. તે સંજોગોમાં આંક – ૩૫ વાળી ફરિયાદ ખરી હકીકતે ફરિયાદીએ આપેલ છે કે કેમ તે ચોક્કસપણે પુરવાર થતુ નથી.

**૨૪.)** વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૬ પી.એસ.ઓ. અજીતસિંહ ખુમાનસંગભાઈ બારડને આંક – ૯૨ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા.૦૨/૦૮/૨૦૨૨ ના રોજ તેઓ બોટાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા તે ફરીયાદીની ભોગબનનાર દિકરી સાથે જે બનાવ બનેલ તેની ફરીયાદ ઈ.ચા. પી.એસ.આઈ. શ્રી વાય.એ.ઝાલા રુબરુ જાહેર કરી લખાવેલી. જે ફરીયાદ આ કામે આંક–૩૫ થી રજુ છે જેમા ફરીયાદીનો અંગુઠો છે તેમજ રુબરુપણામાં પી.એસ.આઈ.શ્રી વાય.એ.ઝાલાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. સદર ફરીયાદના આધારે તેઓએ રાણપુર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૪૪૯/૨૦૨૨ થી એફ.આઇ.આર. નોંધેલી. સદર ગુન્હાની સ્ટેશન ડાયરીમાં નોંધ તા.૦૨/૦૮/૨૦૨૨ ના રોજ સ્ટેશન ડાયરીના ક્રમ નં.૧૭ પર નોંધેલી છે જે સ્ટેશન ડાયરીનો ઉતારો આ કામે રજુ રાખેલ છે. તેમજ સદર ગુન્હા અંગેનું તેઓએ સુચિપત્ર તૈયાર કરેલુ અને આ

કામે આગળની તપાસ સી.પી.આઈ. શ્રી. જે.બી.પંડીત સાહેબને લૈખિત સોંપેલી.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, ફરીયાદ સાથે ભોગબનનારના જન્મનો આધાર મળેલ નહી.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓ સમક્ષ જે ફરીયાદ આવેલ તેમા આરોપી રવિભાઈ રમેશભાઈનુ નામ ન હતુ.

– ઉપરોક્ત તપાસ કરનાર અમલદારશ્રી જુબાની જોતાં તેઓએ ફરિયાદીની ફરિયાદના આધારે એફ.આઈ.આર. નોંધેલી છે અને સ્ટેશન ડાયરીમાં તેની નોંધ કરેલી છે. તે સિવાય અન્યકોઈ કાર્યવાહી કરેલ નથી. પરંતુ આંક – ૩૫ વાળી ફરિયાદ શંકારહિત સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ હોય, આ સાહેદની જુબાનીના આધારે ખરી હકીકતે ફરિયાદીએ ફરિયાદ આપેલ છે કે કેમ તે સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.

**૨૫.)** ફરીયાદપક્ષે **સાહેદ નં. ૧૭ તપાસ કરનાર અમલદાર જીગર ભરતકુમાર પંડિતને આંક – ૯૬ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તા.૦૨/૦૮/૨૦૨૨ ના રોજ તેઓ સર્કલ પો.ઇન્સ, બોટાદ તરીકે ફરજ પર હાજર હતા ત્યારે રાણપુર ગુ.ર.નં.૧૧૧/૨૦૨૨ના કામે પી.એસ.આઈ. વાય.એ.ઝાલાના રુબરુની ફરીયાદીની ફરીયાદ મુજબના ગુનહાની તપાસ તેઓને મળતા તેઓએ સંભાળેલ. સદરહુ તપાસ સાથે તેઓને તપાસ સંભાળવાની યાદી તથા ફરીયાદીની ફરીયાદ મળેલી જે તપાસ હુકમ આ કામે આંક–૯૭ થી રજુ છે. આ કામે તેમને ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની નકલ ફરીયાદ સાથે મળેલી. ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને તપાસ દરમ્યાન ભોગબનનાર મળી આવતા ભોગબનનારનુ નિવેદન લઈ ભોગબનનાર બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરતા હોય પંચનામાની વિગતે કપડા કબ્જે લીધેલા. ત્યારબાદ આરોપી અજીતભાઈ સામજીભાઈ વાઘરોડીયાનાઓ મળી આવતા આરોપીને અટક કરેલો અને બનાવ સમયે પહેરેલ કપડા તથા ઉપયોગમાં

લીધેલ વાહન મો.સા. રજુ કરતા હોય જે પંચનામાની વિગતે કબ્જે લીધેલા. તેમજ આરોપીની અટક બદલ સ્ટે.ડામા નોંધ કરવા યાદી કરેલી. તેમજ આરોપી અજીત સામજીભાઈનો એરેસ્ટ મેમો તૈયાર કરેલો. ત્યારબાદ આ કામે આરોપી તથા ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા રાણપુર સી.એચ.સી.ને યાદી કરેલી. ત્યારબાદ ભોગબનનાર સાથે શરીર સંબંધ બંધાયાની તથા અન્ય આરોપીની ગુન્હામા સંડોવણી હોવાની હકકીત તપાસ દરમ્યાન ખુલતા પોકસો તથા ઈ.પી.કો કલમ–૩૭૬ નો ઉમેરો કરવા તથા આરોપીના નામનો ઉમેરો કરવા નામ.કોર્ટને યાદી કરેલી. ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન લેવા નામ.કોર્ટને યાદી કરેલી. ત્યારબાદ દવાખાનેથી ભોગબનનાર તથા આરોપીના મેડીકલ સેમ્પલો આવતા પંચનામાની વિગતે કબ્જે લીધેલા. જે પંચનામુ હેડ કોન્સ એમ.આર. કમેજળીયાનાઓ રુબરુ કરવામાં આવેલુ તેમા શ્રી કમેજળીયાની સહી છે. ભોગબનનારને સર ટી. હોસ્પીટલ ભાવનગર ખાતે ગાયનેક સંબંધી તપાસ કરવા મોકલવા બદલ યાદી કરેલી. ત્યારબાદ ભોગબનનાર ગુન્હાવાળી જગ્યા બતાવતા હોય બે સરકારી પંચો સરકારી કચેરીમાથી મેળવી પંચો સાથે જઈ ગુન્હાવાળી જગ્યાનુ પંચો રુબરુ પંચનામુ કરેલુ. પંચનામામા સરકારી પંચો મેળવવા પી.જી.વી.સી.એલ. કચેરી રાણપુરને યાદી કરેલી. ત્યારબાદ આ કામે આરોપી તથા ભોગબનનારના મેડીકલ સર્ટીફીકેટ સી.એચ.સી. રાણપુર ખાતેથી આવતા કામમા સામેલ રાખેલા. તેમના દ્વારા કબજે લેવામા આવેલ ભોગબનનાર તથા આરોપીઓના કપડા વાળો મુદામાલ તેમને બતાવતા તેઓ ઓળખી બતાવે છે. સદરહુ સાહેદ આરોપીને નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ તપાસના કાગળો તથા ફરીયાદ વાંચેલ. ફરીયાદ આઠ દિવસ મોડી આપવામા આવેલી. ફરીયાદમાં ફરીયાદીનો અંગુઠો કોઈએ ઓળખાવેલ નથી. ફરીયાદ વખતે ફરીયાદી સાથે હકાભાઈ કાળુભાઈ વાઘરોડીયા તથા શંકરભાઈ કાળુભાઈ જાદવ હતા.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, ફરીયાદી તથા સાહેદોએ માત્ર આરોપી નં.૧ નુ નામ જણાવેલ. તેઓના નિવેદન પરથી આરોપી નં.૨ નુ નામ ખુલતુ ન હતુ. તેઓએ આ કામે આરોપી નં.૧ ના કુટુંબી બેન કાજલબેનનુ કોઇ નિવેદન લીધેલ નથી. તેઓએ આરોપી નં.૨ ને અટક કરેલ નથી.

– ઉપરોક્ત તપાસ કરનાર અમલદારશ્રીની સમગ્રપણે જુબાની જોતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવની ફરિયાદ ૮ દિવસ મોડી આપવામાં આવેલી છે તેમજ ફરિયાદમાં પણ જે અંગુઠાનુ નિશાન છે તે ફરિયાદીનુ છે કે કેમ તેનુ કોઈ વેરીફીકેશન થયેલ નથી. તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા એ હકીકતનો સ્વીકાર કરવામાં આવેલ છે કે, ફરિયાદી તથા સાહેદોના નિવેદનોના આધારે આરોપી નં. ૨ વાળાનુ કોઈ નામ ખુલતુ ન હતુ અને ભોગબનારના જણાવ્યા અનુસાર તેઓ આરોપી નં. ૧ સાથે આરોપીના કુટુંબી બેન કાજલબેનના ઘરે રોકાયેલા તેમ છતાં તપાસ કરનાર અમલદારશ્રીએ તેણીનુ કોઈ નિવેદન પણ લેવાનો પ્રયત્ન કરેલ નથી. તે સંજોગોમાં તપાસ કરનાર અમલદારશ્રીએ આ ગુનાની તપાસ યોગ્ય રીતે કરેલ હોય તેવુ જણાતુ નથી. જેથી આરોપીઓ વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં ફરિયાદપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ રહેલ છે.

**૨૬.)** ફરીયાદપક્ષે **સાહેદ નં. ૧૮ તપાસ કરનાર અમલદાર શૈરીન રમેશભાઈ ખરાડીને આંક – ૧૦૪ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને ૨૦૨૨ ના અરસામાં તેઓ સી.પી.આઈ. બોટાદ તરીકે ફરજ પર હાજર હતા ત્યારે રાણપુર પો.સ્ટે ગુ.ર.નં.૪૪૯/૨૦૨૨ ના કામની તપાસ તેઓને પુરોગામી ત.ક.અ. શ્રી જે.બી.પંડીત પાસેથી મળતા તપાસ સંભાળેલી. તેમની તપાસ દરમ્યાન આ કામના અન્ય આરોપી રવિ રમેશભાઇ સારલા મળી આવેલ હોય તેને અટક કરેલ અને તેનો એરેસ્ટ મેમો તૈયાર કરેલો. આરોપીની અટક બદલ સ્ટેશન ડાયરીમા નોંધ કરવા યાદી કરેલી. ત્યારબાદ આ કામે પુરોગામી ત.ક.અ.શ્રી જે.બી.પંડીતનાઓએ કબજે લીધેલ મુદામાલ એફ.એસ.એલ. તપાસણી માટે જુનાગઢ

ખાતે મોકલેલો. તેમજ મુદામાલ પહોચ આવતા કામમા સામેલ રાખેલી. આ કામે ભોગબનનારના સારવાર સર્ટી મેળવવા સર.ટી. હોસ્પીટલ ભાવનગર ખાતે યાદી કરેલી. આ કામે ભોગબનનારના જન્મના દાખલાની ખરાઈ કરવા રાણપુર પોલીસને યાદી કરેલી. તેમજ મુદ્દામાલ અભિપ્રાય ફોર્વર્ડીંગ પત્ર સાથે આવતા કામમા સામેલ રાખેલો. સદર સાહેદને મુદ્દામાલ બતાવતાં સદર મુદ્દામાલ તેઓએ તપાસના કામે એફ.એસ.એલ. મા મોકલેલ હોય સાહેદ ઓળખી બતાવે છે. તેમજ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર અદાલતમા ચાર્જશીટ કરેલુ.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ ફરીયાદ વાંચેલી. ફરીયાદ આઠ દિવસ મોડી છે. ફરીયાદમા આવુ કોઈ પ્રમાણપત્ર રજુ થયુ હોય તેવો ઉલ્લેખ નથી. ફરીયાદમા ભોગબનનારની જન્મતારીખ દર્શાવેલ નથી. ફરીયાદમા અંગુઠો ઓળખાવેલ નથી. તેઓએ ગ્રામપંચાયત કે નગરપાલિકાનો ભોગબનનારનો જન્મનો દાખલો મેળવી રજુ રાખેલ નથી.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યાએથી કોઈ વાંધા જનક ચીજવસ્તુ મળી આવેલ નહી. બનાવવાળી જગ્યા કોની માલિકીની છે તે આધાર મેળવેલ નહી. ભોગબનનારે તેની ડોક્ટર સમક્ષની હીસ્ટ્રીમાં આરોપી નં.૨ નુ કોઈ જગ્યાએ નામ જણાવેલ નહી.

– ઉપરોક્ત તપાસ કરનાર અમલદારશ્રીની સંપૂર્ણપણે જુબાની જોતા તેઓના જણાવ્યા અનુસાર ફરિયાદમાં ભોગબનનારની કોઈ જન્મતારીખ દર્શાવવામાં આવેલી નથી તેમજ આ ગુના સંબંધેની તપાસમાં ભોગબનનારના જન્મનો દાખલો મેળવવામાં આવેલ નથી. વિશેષમાં બનાવવાળી જગ્યાએથી ગુનાને લગતી કોઈ ચીજવસ્તુઓ મેળવવામાં આવેલ નથી તેમજ બનાવવાળી જગ્યા ખરેખર કોની માલિકીની છે તે સંબંધે કોઈ આધારભુત પુરાવો પણ મેળવવામાં આવેલ નથી. તપાસ કરનાર અમલદારશ્રીના જણાવ્યા અનુસાર આરોપી નં. ૨ ને આ ગુનામાં સાંકળતો

કોઈ પુરાવો મેળવવામાં આવેલ નથી. તે સંજોગોમાં તપાસ કરનાર અમલદારશ્રીએ યોગ્ય તપાસ કરી હોય તેવુ જણાતુ નથી અને આરોપીઓને ગુનામાં સાંકળતા કોઈ આધારભુત પુરાવા પણ મેળવવાનો પ્રયત્ન કરેલ નથી. તે સંજોગોમાં સમગ્ર હકીકતો જોતા ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ શંકારહિત સાબિત કરી શકેલ ન હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં. ૨**

**૨૭.)** ઉપરોક્ત મુદ્દા નં. ૧ માં કરવામાં આવેલ ચર્ચાની હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-: હુકમ :-**

**૧.)** આરોપી નં. ૧) અજીતભાઈ શામજીભાઈ વાઘરોડીયા, રહે. નવા જસાપર, તા.સાયલા, જી.સુરેન્દ્રનગર, ૨) રવિભાઈ રમેશભાઈ સારલા, રહે. રામપરા ગામ, તા.થાન, જી.સુરેન્દ્રનગર ને ઈ.પી.કો. કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૧(૬), ૧૨, ૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) મુજબ શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** આરોપીઓના જામીન તથા જામીનખત આથી રદ્દ કરવામાં આવે છે.

**૩.)** આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીઓએ રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) નો એક સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો ભરી આપવાનો રહેશે.

**૪.)** આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ હિરો કંપનીની મોટરસાયકલ રજી. નં. જીજે–૧૩–એ.આઈ.–૯૫૩૨ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો તે અંગે યોગ્ય તે ઈન્કવાયરી કરી મુળ માલિકને પરત સોંપવા

આથી હુકમ કરવામાં આવે છે. ગુનાના કામે કબજે કરવામાં આવેલ નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ કાયદા મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૫ મી મે, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા. ૨૫/૦૫/૨૦૨૬
મુ. બોટાદ.

**(જયેશકુમાર કનુભાઇ પ્રજાપતિ)**
એડીશનલ સેશન્સ જજ તથા
સ્પે. પોક્સો જજ, તા. જી. બોટાદ.
(કોડ નં. જી.જે. ૦૦૫૯૮)

જે.કે.કછોટ